# ગાંધીજીનું શિક્ષણદર્શન

ડૉ.દિલીપભાઈ ગામીત
ઈ.ચા.પ્રિન્સિપાલ,
સરકારી બી.એડ્. કૉલેજ, કાછલ

ગાંધીજી સાચા અર્થમાં લોકશિક્ષક હતા. 'સત્યના પ્રયોગો' ના અનુભવમાંથી એમણે દેશને 'રાષ્ટ્રીય બુનિયાદી શિક્ષણ' ની અમૂલ્ય ભેટ આપી. તેમના શિક્ષણ ચિંતન પર ત્રણ તત્ત્વો સ્પષ્ટ દેખાઈ આવે છે.

(૧) પ્રવર્તમાન શિક્ષણપ્રણાલીના કડવા અનુભવો

(૨) શિક્ષણ અંગેના પ્રત્યક્ષ પ્રયોગો

(૩) ભારતીય સમાજનું તલસ્પર્શી જ્ઞાન

ઈ.સ. ૧૯૦૪ માં ફિનિક્સ આશ્રમ અને ટોલ્સ્ટોય ફાર્મની સ્થાપના આશ્રમના બાળકો માટે શિક્ષણના પ્રયોગો ઈ.સ.૧૯૦૯માં લંડનથી દક્ષિણ આફ્રિકા આવતા આગબોટમાં 'હિંદ સ્વરાજ' લખ્યું ઈ.સ. ૧૯૧૧માં 'યંગ ઈન્ડિયા' 'કેળવણીમાં હાથપગનો ઉપયોગ' નામક લેખ લખ્યો. આમ, શિક્ષણનું વિચારબીજ દક્ષિણ આફ્રિકામાં જ રોપાયું. ભારતની ગરીબાઈ જોઈ. ઈ.સ. ૧૯૧૭માં સાબરમતી આશ્રમ સ્થાપ્યો, જયાં શિક્ષણના પ્રત્યક્ષ પ્રયોગો શરૂ કર્યા. ઈ.સ. ૧૯૨૦માં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. ઈ.સ. ૧૯૩૭માં ૨૨-૨૩ ઓક્ટોબરે વર્ધામાં 'મારવાડી વિદ્યાલય' નો રજત મહોત્સવ શિક્ષણકારોનું સંમેલન-સૌપ્રથમ 'નઈ તાલીમ' ના વિચારો મુકાયા. સૌએ નઈ તાલીમને આવકારી તેનું મૂર્ત સ્વરૂપ રચવા ડૉ. ઝાકીરહુસેનના અધ્યક્ષ પદે સમિતિ રચાઈ, જેના સભ્યો હતા, કાકાસાહેબ કાલેલકર, વિનોબા ભાવે, કિશોર લાલ મશરૂવાલા, આચાર્ય કૃપાલાની, ડૉ. કે.જે ઐયુદીન, આર્ય નાયકમજી. એમાં ચાર ઠરાવો પસાર કરવામાં આવ્યા.

(૧) દેશના તમામ બાળકોને (સાતથી ચૌદ વર્ષના) મફત, ફરજિયાત, સાર્વત્રિક શિક્ષણ આપવું.

(૨) કેળવણી માતૃભાષા દ્વારા આપવી જોઈએ.

(૩) કેળવણીની પ્રક્રિયામાં કોઈ પ્રકારના શારીરિક અને ઉત્પાદક કાર્યની આસપાસ ગૂંથાવી જોઈએ.

(૪) કેળવણી સ્વાવલંબી હોવી જોઈએ.

ગાંધીજીની નઈ તાલીમ અંગે 'રાષ્ટ્રીય શિક્ષણપંચે (કોઠારીપંચ) નોંધ્યુ છે કે,

''અમે માનીએ છીએ કે આ પદ્ધતિમાં આવશ્યક તત્ત્વો મૂળભૂત રીતે સંગીત હોવાથી તેમાંથી જરૂરી ફેરફારો માત્ર પ્રચલિત પ્રાથમિક સ્તરે જ નહિ, પરંતુ આપણી રાષ્ટ્રીય પદ્ધતિના બધા જ સ્તરે શિક્ષણના એક ભાગને સાકાર કરી શકે.''[૧]

ગાંધીજી ઈ.સ. ૧૯૧૯-૨૨માં 'યંગ ઈન્ડિયા' માં તે સમયના શિક્ષણના દોષો ચીંધે છે.

- આ શિક્ષણ અન્યાયપૂર્ણ શાસન સાથે સંબંધિત છે.
- તે વિદેશી સંસ્કૃતિ પર આધારિત છે.
- તેનો એકમાત્ર ઉદ્દેશ માનસિક વિકાસનો છે, હૃદયનો નહી.
- તેના શિક્ષણનું માધ્યમ અંગ્રેજી છે.

શિક્ષણની વ્યાખ્યા ગાંધીજીએ નીચે મુજબ કરી,

''બાળક અને માણસના શરીર, મન અને આત્મામાં શ્રેષ્ઠ જે કાંઈ છે તે બધું બહાર આણવું એને હું શિક્ષણ કહું છું''[૨]

થ્રી આર -**Reading, Righting, Rigard** થી આગળ વધીને થ્રી એચ **hand, head, heart** પર ભાર મૂક્યો છે.

આ હાથ, મસ્તિષ્ક અને હૃદયની કેળવણીમાંથી નીચેના ઉદ્દેશો પ્રગટ થતા જોવા મળે છે.

**(૧) સ્વાવલંબન**

કેળવણી દ્વારા વ્યક્તિ આર્થિક, સામાજીક અને માનસિક સ્વાવલંબી બને તે જરૂરી છે. વાંચવુ, લખવુ અને ગણવું. એ બધુજ વ્યવહારમાં આવવું જોઈએ. કેળવણી દ્વારા વ્યક્તિના ત્રણ મૂળભૂત પ્રશ્નો રોજી, રોટી અને આવાસમાંથી છુટકારો મળવો જોઈએ. જૂનું શિક્ષણ લેનાર સામાજીક રીતે પરાવલંબી બનતો. શેક્સપિયરની કવિતા ફક્ત બોલી જાય પણ ઘરમાં ખુરશીની ખીલી નીકળી જાય તો સાવ નિરાધાર બની જાય. કોઈપણ કાર્ય કે શ્રમ પ્રત્યે વ્યક્તિના મનમાં સૂગ ન રહે એ કેળવણીએ કરવાનું કાર્ય છે. સ્વતંત્ર અભિવ્યક્તિ અને મૌલિક સર્જન કરી શકે એ માનસિક સ્વાવલંબનનો હેતુ છે.

**(ક) આર્થિક સ્વાવલંબનઃ-** બાળક ૧૪ વર્ષની ઉંમરે પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી મા-બાપને કંઈક આપવાની શક્તિ કેળવાયેલી હોવી જોઈએ. વેડછીમાં જુગતરામ દવેએ આદિવાસી બાળકોના શરીર પર વસ્ત્રો ન જોતાં રેંટિયાના તાંતણે બાળકોની મદદ લઈ કાપડ તૈયાર કર્યું, એ જ સાચી કેળવણી છે. હાલમાં સ્નાતક થયેલા શિક્ષિત બેકાર કશું જ ન કરી શકે. તો સમજવું કે શિક્ષણમાં કંઈક ખામી છે. વ્યક્તિ પોતાના પર ઉપર ઊભા રહેતા શીખવો જોઈએ. સ્વાશ્રયી કેળવણી તેમને માટે બેકારીની સામે એક જાતના વીમા જેવી થઈ પડે છે. અમેરિકાના નામાંકિત ફિલસૂફ જૉન ડયુઈ ક્રિયાપ્રધાન શાળાના સમર્થ પુરસ્કર્તા છે. તેઓ માને છે કે, પ્રત્યેક માણસ સ્વમાનપૂર્વકનું અને રોજી આપનારું બુદ્ધિપૂર્વકનું કામ કરવાની શક્તિવાળો હોવો જોઈએ. અને તેનાં આશ્રિતોની આજીવિકા મળી રહેવી જોઈએ. એ સંદર્ભે જ ગાંધીજીએ પાયાના ઉદ્યોગો દ્વારા બૌદ્ધિક તાલીમ મેળવવાની હિમાયત કરી છે.

**(ખ) સામાજિક સ્વાવલંબનઃ-** ગાંધીજી સહકારના પાયા પર રચાયેલા સમાજની કલ્પના કરે છે. શાળારૂપી સમાજમાં બાળકો પાયાના ઉદ્યોગો દ્વારા બૌદ્ધિક તાલીમ પ્રાપ્ત કરે છે. જેથી સમાજજીવનની મૂળભૂત જરૂરિયાતોનું તેમને ભાન થાય છે. શાળા સાંભળવાના કરતાં વિશેષ કરીને કામ કરવાનું, જીવન જીવવા દ્વારા સમજવાનું સ્થાન છે. વ્યક્તિ સામાજિક સ્વાવલંબી બને એનો અર્થ એ થાય છે કે, ગાંધીજીએ આપેલી રચનાત્મક પ્રવૃત્તિઓને સમજે. એ પ્રવૃત્તિઓ કરવામાં કશોજ સંકોચ ન હોય, સૂગ ન રહે. કોઈપણ કામ જાતે કરી લેવાની આદત વ્યક્તિ કે સંસ્થાને પાડવી જોઈએ. સાથે સાથે નિશાળમાં થતા કામનો સમાજના કામની સાથે નિકટનો સંબંધ બંધાયેલો હોવો જોઈએ.

**(ગ) માનસિક સ્વાવલંબનઃ-** શાળામાં 'વાસી' માહિતીઓને નિષ્ક્રિય ભાવે પચવવા કરતાં કાર્ય, પ્રયોગ તથા શોધ કરવાનાં સ્થાનો ઉભા કરવા જોઈએ. કેળવણીનું કાર્ય વ્યક્તિને સ્વતંત્ર વિચાર, તર્ક, કલ્પના અને પ્રતિભા આપવાનું છે. સ્વતંત્ર અભિવ્યક્તિ અને મૌલિક સર્જન કરી શકે તે માનસિક સ્વાવલંબનનો ઉદ્દેશ છે. માતૃભાષા, ગણિત કે સમાજવિદ્યાનું શિક્ષણ કેવળ હકીકતો કે આકડાંઓની ગણતરી પૂરતું નહીં, પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ અને ઉપયોગિતા સાથે તાલમેલ મેળવતું હોવું જોઈએ.

**(૨) સંસ્કારિતા**

ગાંધીજીના શબ્દોમાં જોઈએ તો, ''અક્ષરજ્ઞાન કરતા સંસ્કારની કેળવણીને હું ઘણું વધારે મહત્ત્વ આપું છું,''[૩]..... તમે કેમ બેસો છો? કેમ વાત કરો છો? કેવી રીતે કપડાં પહેરાં છો? ઈત્યાદિ તમારા વર્તનની નાનામાં નાની વિગત પર એ

સંસ્કારિતા તરી આવવી જોઈએ, જેથી કોઈપણ માણસ તમને જાતાવેંત જાણી શકે કે તમે આ સંસ્થામાં કેળવાયેલા છો. તમારા બોલવામાં, મુલાકાતે આવનારાઓની સાથેની તમારા વર્તનમાં, આપસમાં એકબીજાની સાથેના તેમજ તમારા શિક્ષકો અને વડીલો સાથેના તમારા વર્તનમાં અંતરની સંસ્કારિતાની અસર વર્તાઈ આવવી જોઈએ.

સંસ્કારિતાનો સીધો જ ફલિતાર્થ વ્યક્તિના શુદ્ધ ચારિત્ર્યનું ઘડતર છે. એ કહે છે કે, ''જ્ઞાનમાત્રનું ધ્યેય ચારિત્ર્ય ઘડતર હોવુ જોઈએ. આપણી સઘળી વિદ્યા અથવા વેદોનું પારાયણ તથા સંસ્કૃતિ, લેટિન, ગ્રીક વગેરેનું શાસ્ત્રશુદ્ધ જ્ઞાન હૃદયની સંપૂર્ણ શુદ્ધિ કરવાની આપણને શક્તિ ન આપે તો આપણને એ બધાનો શો ઉપયોગ ?''[૪]

વ્યક્તિમાં પ્રેમ, સત્ય, અહિંસા, ન્યાય, પુરુષાર્થ, રાષ્ટ્રીય એકતા, સાંસ્કૃતિક એકતા, બિનસાંપ્રદાયિકતા અંગેના સદગુણો એટલે ચારિત્ર્ય ઘડતર. ચારિત્ર્યશીલ વ્યક્તિ સંસ્કારી લાગે તે સ્વાભાવિક છે. કેળવણીનું સર્વોત્તમ અને સૌથી વધુ અસરકારક સ્વરૂપ ચારિત્ર્યવાન અને સંસ્કારી શિક્ષક છે. શિક્ષકનું જીવન તેના વિદ્યાર્થીઓને માટે અનુકરણને પાત્ર હોવું જોઇએ. ચારિત્ર્ય ઘડતરમાં પુસ્તકોનું શિક્ષણ કંઇક અંશે સફળતા પ્રાપ્ત કરે ખરું, પરંતુ નિતિમત્તા ધરાવનાર શિક્ષકો ચારિત્ર્યનું પાકું શિક્ષણ આપી શકે. વિદ્યાર્થીઓ, તેઓ વાંચે છે તે પુસ્તકોમાંથી અથવા તો અધ્યાપકો જે વ્યાખ્યાનો આપે છે તેમાંથી ગ્રહણ કરે છે તેના કરતાં અધ્યાપકોના જીવનમાંથી વધારે ગ્રહણ કરે છે, એવો ગાંધીજીનો મત છે.

**(૩) સમવાય**

શિક્ષણની દ્રષ્ટિએ 'સમવાય' નો તાત્વિક અર્થ જરા વધુ વિશાળ છે. ''જ્ઞાન અખંડિત છે. એના ટુકડા ન થઈ શકે તથા કોઈપણ જ્ઞાન કર્મમાંથી જ ઉત્પન્ન થતુ હોય છે. માટી અને ઘડો એ બંન્ને એક પણ નથી અને અલગ - અલગ પણ નથી. આવું જ કર્મ અને જ્ઞાનનું પણ છે. તેથી ગાંધીજીને અખંડિત એવી સમવાય પદ્ધતિની હિમાયત કરી. તે સમયની કેળવણી પર પ્રકાશ પાડતાં કહ્યું છે કે,

'' હિન્દુસ્તાનની શાળાઓમાં જે પદ્ધતિ ચાલે છે તેને હું કેળવણી એટલે કે મનુષ્યમાં રહેલું હીર બહાર લાવવું કહેતો નથી, એ તો બુદ્ધિનો વ્યભિચાર છે.''[૫] બાળકોના મગજમાં ગમે તેમ હકીકતો ઠાંસવામાં આવે છે જયારે આરંભથી ગ્રામઉદ્યોગને કેન્દ્રમાં રાખીને મનને કેળવવાની પદ્ધતિ મનનો સીધો અને વ્યવસ્થિત વિકાસ સાધે છે. કર્મ ઉપરાંત વ્યકિતની આજુબાજુનું વાતાવરણ પણ વ્યક્તિની જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયા ઉપર સીધી અસર કરે છે. ઔદ્યૌગિક, પ્રાકૃતિક અને સામાજીક વાતાવરણ સાથે સમવાય હોવું જોઈએ.

સમવાય પદ્ધતિના મુખ્ય ત્રણ હેતુ છેઃ

(૧) અખંડિત સ્વરૂપે માણસે જ્ઞાન પ્રાપ્ત કરવું.

(૨) અનુભવ દ્વારા શિક્ષણ મેળવવું.

(૩) વાતાવરણને આધારે શિક્ષણ આપવું.

વિદ્યાર્થીનું સર્વપ્રકારનું જ્ઞાન કર્મમાંથી નિષ્પન્ન થવું જોઇએ. આ સઘળું જ્ઞાન એકમેકની સાથે સુસંકલિત હોય, અલગ નહીં. અનુબંધ બિનજરૂરી રીતે તાણીતૂશીને પરાણે ન સાધવો જોઇએ. તથા શિક્ષણનો કેવળ પાયાના ઉદ્યોગ સાથે જ નહીં, પણ બાળકની ભૌતિક અને સામાજિક પરિસ્થિતિ સાથે અનુબંધ સાધવો જોઇએ. એ હેતુને માટે ભૌતિક અને સામાજિક પરિસ્થિતિ પણ એટલી જ ભારે શકયતાઓ પૂરી પાડે છે. બાળકને ક્રિયાના અનુભવમાંથી, પ્રકૃતિના અનુભવમાંથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. એટલે કે બાળકોને પ્રાપ્ત થતા અનુભવો શિક્ષણપ્રદ બની રહે તે મહત્ત્વનું છે. કર્મ, અનુભવો ઉપરાંત વ્યક્તિની આજુબાજુનું

વાતાવરણ પણ વ્યક્તિની જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયા ઉપર સીધી અને આડકતરી અસરો કરતું હોય છે.

વાતાવરણ ત્રણ પ્રકારનું છે.

(૧) ઔદ્યોગિક

(૨) પ્રાકૃતિક

(૩) સામાજિક

આ ત્રણે વાતાવરણ જ્ઞાનનાં કેન્દ્રો છે. એ દ્વારા આપોઆપ કેળવણી પ્રાપ્ત થાય છે. માટે આ ત્રણેય વાતાવરણનો વધુને વધુ ઉપયોગ શાળામાં થવો જોઈએ. વિવિધ વિષયોનો અસરકારક અને સ્વાભાવિક અનુબંધ સાધવા માટે તથા બાળકને તેની પરિસ્થિતિને બુદ્ધિપૂર્વક તેમજ સક્રિય રીતે અનુકૂળ થાય તે માટે અભ્યાસક્રમને સાધન બનાવવા સારુ અને અભ્યાસક્રમનાં આંતરિક રીતે પરસ્પર જોડાયેલાં ત્રણ કેન્દ્રો પસંદ કર્યા છે. પ્રાકૃતિક પરિસ્થિતિ, સામાજિક પરિસ્થિતિ અને ઔદ્યોગિક પરિસ્થિતિ. પ્રાકૃતિક પરિસ્થિતિનાં સાધનોનો ઉપયોગ જે સામાજિક પરિસ્થિતિના હેતુઓ માટે કરે છે. ઔદ્યોગિક પરિસ્થિતિ બન્નેની મિલન બિન્દુ છે. વરસો સુધી પોતાની શાળામાં પુસ્તકની કેળવણીની સાથે સાથે શારીરિક કેળવણી ચલાવનાર શિક્ષકને પોતાની યોજનાની સમજૂતી આપતાં ગાંધીજી કહે છે:

''કાંતણ, પીંજણ વગેરે બૌદ્ધિક શિક્ષણનાં સાધનો હોવાં જોઈએ, એ સિદ્ધાંત તમે બરાબર પચાવ્યો નથી લાગતો. તમે તો એને બૌદ્ધિક અભ્યાસક્રમના પૂરક તરીકે રાખ્યો છે. એ બે વચ્ચેનો ભેદ તમે સમજો એમ હું ઈચ્છું છું. એક સુથાર મને સુથારી કામ શીખવે છે. હું એ એની પાસેથી યાંત્રિક રીતે શીખી લઈશ, પરિણામે અનેક ઓજારો વાપરતાં શીખીશ. પણ તેથી મારી બુદ્ધિનો વિકાસ ભાગ્યે જ થશે. પણ એજ વસ્તુ જો મને સુથારીનું શાસ્ત્રીય શિક્ષણ પામેલો કોઈ માણસ શીખવશે તો સાથે સાથે મારી બુદ્ધિને પણ ખીલવતો જશે. એમ કરતાં હું કુશળ સુથાર જ નહીં પણ ઈજનેર પણ બનીશ. કેમ કે, પેલા નિષ્ણાતે મને ગણિત શીખવ્યું હશે, જુદી જુદી જાતના લાકડા વચ્ચેનો ભેદ અને તે લાકડું કયાંથી આવે છે તે પણ શીખવ્યું હશે, અને એ રીતે મને ભૂગોળનું જ્ઞાન અને થોડુંક ખેતીનું પણ જ્ઞાન આપ્યું હશે. તેણે મને મારાં ઓજારોના આલેખો દોરતાં પણ શીખવ્યું હશે, અને એ રીતે પ્રાથમિક ભૂમિતિ અને ગણિતનું જ્ઞાન પણ આપ્યું હશે.''[૬]

આ પ્રસંગ ઉપરથી જોઈ શકાય છે કે, દરેક વિષય એકબીજા વિષય સાથે અનુબંધ ધરાવે છે.

પ્રાકૃતિક વાતાવરણનું એક ઉદાહરણ લઈએ, 'મનુભાઈ પંચોળીનો જાત અનુભવ',

'' અંગ્રેજી ત્રીજી કે ચોથીમાં (અમારે) અકે અંગ્રેજી કવિતા ભણવાની આવેલી. કયાંક તેમાં હતું: **(And there was a beautiful summer,)** 'અને એ સુંદર ઉનાળો હતો' હવે આ કવિતા મારે ધોમધખતા ઉનાળામાં શીખવાની આવી. આપણા દેશનો ઉનાળો કેટલો ત્રાસજનક હોય છે તે તો આપણે સૌ જાણીએ છીએ. મને એ સમજાતુ નહી કે ઉનાળાને સુંદરકેમ કહેવાય?

ઘણાં વર્ષો પછી લંડન જવાનું થયુ તે દિવસોમાં એકવાર સૂર્ય નીકળેલો અને હાઈડ પાર્કમાં સેંકડો સ્ત્રી-પુરુષો ખુરશીઓ નાંખીએ બેઠેલાં.... બધા ખુશખુશાલ હતા 'કેવો સોનેરી તડકો, કેવો હુંફાળો પ્રકાશ?' બધા એકબીજા કહેતા હતા. આ જોતા જ મારા અંતરમાં થયેલા પ્રશ્નનો ઉત્તર મળી ગયો.

**(૪) સત્યદર્શન**

''પરમેશ્વર સત્ય છે તે કરતા સત્ય એ જ પરમેશ્વર છે.''[૭] ઈશ્વરનું સત્યમાં દર્શન કરવું એ માનવનું ધ્યેય હોવું જોઈએ. ગાંધીજીના બુનિયાદી શિક્ષણનો અંતિમ ધ્યેય આત્મસાક્ષાત્કારનો છે એટલે જ 'વિમુક્તદાયી કેળવણી' ની હિમાયત કરી છે. પ્રત્યેક કર્મમા સત્ય, પ્રમાણિકતા અને નિષ્ઠાનો આગ્રહ હોવો જોઈએ.

આપણા શાસ્ત્રોમાં કહ્યું છે કે ઈશ્વરપ્રાપ્તિ માટેની ત્રણ તપસ્યા છે.

(૧) કાયિક એટલે જન સેવા

(૨) વાચિક એટલે સત્ય બોલવું

(૩) માનસિક એટલે શુભ વિચારો કરવા.

આજના સંદર્ભમાં સમાજમાંથી આધ્યાત્મિક મૂલ્યોનો હ્રાસ થઇ રહ્યો છે, ત્યારે બુનિયાદી શિક્ષણ જ તેને બચાવી શકે તેમ છે. બુનિયાદી શિક્ષણની સહઅભ્યાસપ્રવૃત્તિ, પ્રાર્થના, સમાજસેવા, સમૂહજીવન, સમૂહકાર્ય, પ્રવાસ પર્યટન વગેરે દ્વારા બાળકોમાં સામાજિક અને નૈતિક મૂલ્યોનું પ્રતિપાદન કરે છે. આખરે એમાંથી આધ્યાત્મિક મૂલ્ય પેદા કરે છે અને સત્ય ને પામવાનો પ્રયત્ન કરે છે. સત્યથી બીજો કોઇ ઇશ્વર નથી, અને સત્યના સાક્ષાત્કાર માટેનું એકમાત્ર સાધન અહિંસા છે. પ્રેમ છે. એટલે જેમનું હૃદય નિર્મળ હોય તેઓજ ઈશ્વર દર્શન કરી શકે. વિચાર, વાણી તથા કર્મમાં વાસનાના આવેગોથી મુક્ત થવા માટે નઈ તાલીમની સહઅભ્યાસપ્રવૃતિ ખૂબજ ઉપકારક બની રહે તેવી છે.

નઈ તાલીમના સમગ્ર ઉદ્દેશો જોતાં ચારે 'સ' સારા રાષ્ટ્ર નિર્માણ માટે, સાચા માણસ બનવા માટે ઉપકારક બને તેવા છે. ઓગસ્ટ - ૧૯૨૭માં ગાંધીજીએ વિદ્યાર્થી યુવાનોને ઉદ્દેશીને 'યંગ ઈન્ડિયા' માં લખ્યુ હતુ ''જો તમે આ મોધુંદાટ શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ સીધા લગ્ન કરીને ક્ષિતિજ પરથી ઓજલ થઈ જાઓ, તો હું સમજીશ કે તમે દેશને દગો દીધો છે. હું એમ નથી કહેતો કે તમે લગ્ન ન કરો, પણ ગુલામ ન બનો. દેશ તમારી પાસે જે વાતની અપેક્ષા રાખે છે તે કરો. તમારે દયા અને વીરતાની જીવતી જાગતી મૂર્તિ બનવુ જોઈએ અને પોતાની રક્ષા માટે શુદ્ધતાની અચૂક ઢાલ લઈને સંસારમાં હંમેશા પ્રલોભનોથી દૂર રહેવુ જોઈએ.''[૮] સમગ્ર રીતે જોતાં આજના આર્થિક-સામાજિક સંદર્ભમાં ગાંધીજીની બુનિયાદી શિક્ષણની વિચારધારા ખૂબજ મહત્ત્વની બની રહે તેમ છે. ગાંધીજીએ સર્વાંગી કેળવણી અને સર્વોદય સમાજ રચનાની જે યોજના મૂકી છે તે આજીવન શિક્ષણની યોજના છે. બાળકના ગર્ભાવસ્થાથી મૃત્યુપર્યંત એક વિશાળ ફલકની વિચારણા છે. સ્ત્રી-પુરુષની સ્વતંત્રતા, સમાજપ્રેમ, અહિંસા, માતૃભાષા, ઉદ્યોગ-આદિનું ગૌરવ થઈ જાય છે. શ્રી મણીભાઇ એસ. પટેલે નોંધ્યું છે કે, ''આખી દુનિયા અંધકારમાં ડૂબી ગઈ છે. એ અંધકાર ગાંધીજીની ફિલસૂફીના પ્રકાશથી જ દૂર થઈ શકે એમ છે. એ ફિલસૂફીનું ધ્યેય પ્રેમ અને ભ્રાતૃભાવથી ભરેલી અને લોભ તથા શોષણનાં હીન પાપોથી મુક્ત એવી દુનિયા નિર્માણ કરવાનું છે. તેની ચેતનવંતી બાજુ, એટલે કે, કેળવણીની વર્ધા યોજના''[૯]

આ વર્ધા યોજના નો અમલ દક્ષિણ ગુજરાતના આદિવાસી ક્ષેત્રોમાં જુગતરામ દવે એ ગાંધીવાદી સંસ્થાઓ સ્થાપીને પરિવર્તનનું કાર્ય કર્યું. જેની નોંધ લેતાં ડૉ. કમલેશ પટેલ નોંધે છે કે,

''આખા દેશમાં ગાંધીવાદી સંસ્થાઓ દ્વારા આદિવાસી વિકાસના કામો તો થયા છે, પણ દક્ષિણ ગુજરાતની ગાંધીવાદી સંસ્થાઓએ આ બાબતે સમગ્ર રાષ્ટ્રનું ધ્યાન ખેંચ્યું છે.''[૧૦]

આમ, ગાંધીજીની 'નઈ તાલીમ' એમના જીવનની અમૂલ્ય ભેટ છે

**સંદર્ભસૂચિ**


(૧) શાસ્ત્રી જયેન્દ્ર દવે (૧૯૯૪) ભારતીય ચિન્તકોનું શિક્ષણ ચિંતન, અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ. પૃ.-૧૫૩

(૨) ગાંધીજી (૧૨-૯-૧૯૩૭), 'હરિજનબંધુ'

(૩) ગાંધીજી (૧૨-૫-૧૯૪૬), 'એજન'

(૪) ગાંધીજી (૨૨-૧૧-૧૯૨૭), 'ટુ ધી સ્ટુડન્ટસ'

(૫) ગાંધીજી (૨૦-૩-૧૯૩૦), 'યંગ ઈન્ડિયા'

(૬) ગાંધીજી (૧૯-૯-૧૯૩૭), 'હરિજનબંધુ'

(૭) ગાંધીજી (૨૦૧૧), 'મંગળ પ્રભાત' અમદાવાદઃ નવજીનવ મુદ્રણાલય. પૃ-૬

(૮) ગાંધીજી (૮-૯-૧૯૨૭), 'યંગ ઈન્ડિયા'

(૯) પટેલ મણિલાલ એસ. (૨૦૦૮) 'મહાત્મા ગાંધીની કેળવણીની ફિલસૂફી.' અમદાવાદઃ નવજીવન પ્રકાશન-પૃ.૧૭૯-૧૮૦

(૧૦) પટેલ કમલેશ (૨૦૧૧) દક્ષિણ ગુજરાતમાં ગાંધીવાદી સંસ્થાઓની રચનાત્મક પ્રવૃતિઓ હિંમતનગરઃ અરાવલી પ્રકાશન - પૃ. ૧૫૬


***